# દિવ્યક્રાંતિ

## મહેન્દ્રનગર

SPECIAL EDITION

DATE 25-04-2026 to 30-04-2026 ▸ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti ✆ +91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930







# મહેન્દ્રનગરના યુવા મતદારોનો ક્લિયર મેસેજ: વિકાસ, સ્વચ્છતા, શિક્ષણ જોઈએ

જુઓ પાનું (3)











































નોંધ :  આ ઈ-પેપર પર કોઈપણ મોબાઈલ નંબર પર ક્લિક કરવાથી સીધો જ કોલ કરી શકશો
તેમજ કોઈપણ જાહેરાતના હેડિંગ કે લોગો પર ક્લીક કરવાથી તેમનું ઇન્સ્ટાગ્રામ આઈડીની વિઝિટ કરી શકો છો.

# મોરબીના સિરામિક ઉદ્યોગોમાં ફરી ધમધમાટ

## ગુજરાત ગેસ દ્વારા સ્થિર ભાવ અને પૂરતા પુરવઠાની ખાતરી મળતા મે મહિના સુધીમાં ૭૦૦ જેટલા એકમો કાર્યરત થવાની આશા

ભૂ-રાજકીય સંકટ અને પ્રોપેનના વપરાશ પર કાપને લીધે બંધ થયેલા એકમો ફરી શરૂ થતા ૨ લાખથી વધુ શ્રમિકોની રોજીરોટીનો પ્રશ્ન ઉકેલાશે તેમજ દૈનિક ગેસ વપરાશ ૭૦ લાખ ક્યુબિક મીટર સુધી પહોંચવાનો અંદાજ

મોરબી:તાજેતરના વૈશ્વિક ભૂ-રાજકીય વિક્ષેપો અને તેના કારણે ઉભા થયેલા આર્થિક સંકટ વચ્ચે મોરબીના વિશ્વપ્રસિદ્ધ સિરામિક ઉદ્યોગ માટે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા અવિરત ગેસ પુરવઠો અને ભાવોની સ્થિરતાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવતા મોરબીના સિરામિક એકમોમાં ફરીથી ઉત્પાદન પ્રવૃત્તિઓ વેગ પકડી રહી છે.

ઉદ્યોગમાં મંદીનું કારણ અને વર્તમાન સ્થિતિ: માર્ચ 2026ના બીજા પખવાડિયામાં કાચા માલના વધેલા ભાવ, પ્રોપેનના ઔદ્યોગિક ઉપયોગ પરના કાપ અને વધેલા પરિવહન ખર્ચને કારણે મોરબીના અનેક સિરામિક એકમોએ સ્વૈચ્છિક રીતે કામગીરી બંધ કરી દીધી હતી. આના કારણે અંદાજે 2 લાખથી વધુ કામદારોની રોજીરોટી પર સીધી અસર પડી હતી. જોકે, ગુજરાત ગેસની સ્થાનિક અને કોર્પોરેટ ટીમોએ મોરબી સિરામિક એસોસિએશન સાથે સંકલન સાધીને ઉદ્યોગો ફરી શરૂ થાય તે માટે સકારાત્મક પ્રયાસો કર્યા છે. ગેસ વપરાશમાં





નોંધપાત્ર વધારો: એપ્રિલ 2026 દરમિયાન ઔદ્યોગિક પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે. આંકડાકીય વિગતો મુજબ:

31 માર્ચ 2026: માત્ર 83 ગ્રાહકો દ્વારા દૈનિક 3.6 લાખ ક્યુબિક મીટર ગેસનો વપશ થતો હતો.

22 એપ્રિલ 2026: ગ્રાહકોની સંખ્યા વધીને 290 થઈ છે અને દૈનિક વપરાશ 27 લાખ ક્યુબિક મીટર સુધી પહોંચ્યો છે.

આગામી અંદાજ: મે 2026 સુધીમાં કાર્યરત એકમોની સંખ્યા 675 થી 700 સુધી પહોંચવાની શક્યતા છે, જેનાથી દૈનિક ગેસ વપરાશ 60-70 લાખ ક્યુબિક મીટર થઈ શકે છે.

ગુજરાત ગેસની વ્યૂહરચના: ભૂ-રાજકીય સંકટ સમયે અવિરત પુરવઠો જાળવવા કંપનીએ મધ્ય પૂર્વ સિવાયના બજારોમાંથી બજાર ભાવે ગેસની ખરીદી કરી ભારત સરકારના નિર્દેશોનું પાલન કર્યું છે. કંપનીએ વૈવિધ્યપૂર્ણ સોર્સિંગ વ્યૂહરચના અપનાવી મે 2026 માટે પણ સ્થિર ભાવ અને પુરવઠાની ખાતરી આપી છે. આ ઉપરાંત, ઉદ્યોગની ઇકોસિસ્ટમ મજબૂત કરવા માટે કામદારોની કેન્ટીન સુવિધાઓમાં પણ P N G કનેક્શન આપવાની સહાય કરવામાં આવી રહી છે.

મોરબીના સિરામિક ઉદ્યોગકારો સાથે નવા ગેસ સેલ્સ એગ્રીમેન્ટ્સ સાઇન થતા ઉદ્યોગમાં વિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે. આ બાબતે વધુ વિગતો માટે એક્સિક્યુટિવ ડાઇરેક્ટર (કમર્શિયલ) દેવેન્દ્ર અગરવાલ (મો. ૯૮૨૫૦૦૫૧૩૯) નો સંપર્ક કરી શકાય છે, તેમ એક યાદીમાં જણાવાયું છે.

# મહેન્દ્રનગર ચોકડીના અટવાયેલા ઓવરબ્રિજને મળી ગતિ, નવી ડિઝાઈન સાથે કામ શરૂ

## 4 ગાળાની જગ્યાએ હવે 16 ખુલ્લા ગાળાવાળો ફ્લાયઓવર બનશે, સરકાર દ્વારા જોબ નંબર ફાળવાયા









મોરબી : મોરબીની મહેન્દ્રનગર ચોકડી ખાતે લાંબા સમયથી અટકી પડેલા ઓવરબ્રિજ પ્રોજેક્ટને અંતે નવી દિશા મળી છે. રાજ્ય સરકારે નવી ડિઝાઈન સાથે ફ્લાયઓવર બ્રિજના નિર્માણને મંજૂરી આપતા હવે કામગીરી શરૂ કરવામાં આવી છે. અગાઉ 4 ખુલ્લા ગાળા અને માટીકામ એપ્રોચ સાથેનો પુલ મંજૂર થયો હતો, પરંતુ હવે તેના સ્થાને 16 ખુલ્લા ગાળાવાળો આધુનિક ફ્લાયઓવર બનાવવામાં આવશે.

મહેન્દ્રનગર ચોકડી ખાતે ટ્રાફિક સમસ્યા અને લોકોની હાલાકી દૂર કરવા માટે લાંબા સમયથી આ ઓવરબ્રિજની માંગ ઉઠતી રહી હતી. આ મુદ્દે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થળ પર સર્વે હાથ ધરાયો હતો. નવી ડિઝાઈન મુજબ બે ગાળાના સ્થાને 16 ગાળાનો પુલ બનાવવાનો નિર્ણય લેવાતા ખર્ચમાં વધારો થયો હતો, જેના કારણે પ્રોજેક્ટની કામગીરી અટકી પડી હતી. ત્યારબાદ સરકાર દ્વારા જૂનું ટેન્ડર રદ કરી અગાઉના ઈજારદારને મુક્ત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી માર્ગ અને મકાન વિભાગ મારફતે બાકી કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે રૂપિયા 80 કરોડની મંજૂરી આપવામાં આવી હતી.

હવે સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે જોબ નંબર પણ ફાળવી દેવામાં આવ્યા છે અને સ્થળ પર કામગીરી શરૂ થતાં મહેન્દ્રનગર વિસ્તારના લોકોમાં ખુશીની લાગણી વ્યાપી છે. લાંબા સમયથી રાહ જોવાતો આ ઓવરબ્રિજ પૂર્ણ થયા બાદ ટ્રાફિક સમસ્યામાં રાહત મળશે તેમજ શહેરના વિકાસને નવી ગતિ મળશે.

# મહેન્દ્રનગરમાં 17 વર્ષથી રોડ વગર તરસતી ગણેશનગર સોસાયટી : વેરો ભરતા રહીશો હજુ પણ સુવિધાથી વંચિત












મોરબી : મહેન્દ્રનગર વિસ્તારમાં સીએનજી પંપ પાછળ આવેલી ગણેશનગર સોસાયટીના રહીશો છેલ્લા 17 વર્ષથી રોડ, રસ્તા અને ગટરની મૂળભૂત સુવિધાઓથી વંચિત હોવાનો આક્ષેપ કરી તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે. અનેક વખત રજૂઆતો છતાં આજદિન સુધી કોઈ અસરકારક કામગીરી ન થતા રહીશો મુશ્કેલીઓ વચ્ચે જીવન જીવવા મજબૂર બન્યા છે.

રહીશોના જણાવ્યા મુજબ સોસાયટીમાં અંદાજે 50 જેટલા મકાનો આવેલાં છે અને તમામ પરિવારો લાંબા સમયથી આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને ચોમાસાના સમયમાં સોસાયટીમાં ઘૂંટણસમાન પાણી ભરાઈ જતાં અવરજવર કરવી અત્યંત મુશ્કેલ બની જાય છે. પાણી ભરાવાની સમસ્યાને કારણે કેટલાંક સમયે સોસાયટીનો બહારનો સંપર્ક પણ કપાઈ જાય છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે રસ્તો ન હોવાથી તેઓએ પોતાના ખર્ચે અને મહેનતથી ચાલવા યોગ્ય કાચો રસ્તો તૈયાર કર્યો છે, જેથી રોજિંદી અવરજવર શક્ય બને. તેમ છતાં તંત્ર દ્વારા આજ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

રહીશોએ વધુમાં જણાવ્યું હતું કે તેઓ નિયમિત રીતે વેરો ભરે છે, છતાં પણ વર્ષોથી રોડ અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. ચૂંટણી સમયે નેતાઓ આવી પ્રશ્નોના નિરાકરણના વચનો આપી જતા રહે છે, પરંતુ ચૂંટણી પૂર્ણ થયા બાદ કોઈ કામગીરી થતી નથી. દિવ્યક્રાંતિ ન્યુઝની ટીમ મહેન્દ્રનગર વિસ્તારના સ્પેશિયલ એડિશન અંતર્ગત સ્થળ મુલાકાતે પહોંચી ત્યારે રહીશોએ આ વર્ષો જૂની વ્યથા રજૂ કરી હતી. રહીશોના જણાવ્યા મુજબ આ પ્રશ્ન અંગે કલેક્ટર કક્ષાએ પણ રજૂઆતો કરવામાં આવી છે, છતાં આશ્વાસન સિવાય જમીન પર કોઈ કામગીરી જોવા મળી નથી. હવે ગણેશનગર સોસાયટીના રહીશો દ્વારા તાત્કાલિક રોડ, રસ્તા અને ગટરના કામ શરૂ કરી વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ ઉઠાવવામાં આવી છે.

# મહેન્દ્રનગરની કાલીન્દ્રી નદી ગંદકીથી છલકાઈ, સ્વચ્છતા માટે લોકોની માંગ





મોરબી : મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં આવેલી કાલીન્દ્રી નદી હાલ અત્યંત ગંદી હાલતમાં જોવા મળી રહી છે. નદીના પટમાં જગ્યા-જગ્યા પર કચરાના ગંજ ખડકાઈ ગયા છે તેમજ ગંદા પાણી અને દુર્ગંધના કારણે આસપાસના રહેવાસીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ લાંબા સમયથી નદીની યોગ્ય સફાઈ કરવામાં આવી નથી, જેના કારણે નદીનું સ્વરૂપ બગડી ગયું છે. નદીમાં પ્લાસ્ટિક, ઘરેલુ કચરો અને અન્ય ગંદકીના ઢગલા જમા થતાં પર્યાવરણને પણ નુકસાન પહોંચી રહ્યું છે.

રહેવાસીઓએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે નદીની સફાઈ હાથ ધરવામાં આવે, કચરો દૂર કરવામાં આવે અને નિયમિત સ્વચ્છતા જાળવવા માટે કાર્યવાહી કરવામાં આવે. સ્થાનિકોમાં એવી પણ માંગ ઉઠી છે કે નદી કિનારે કચરો નાંખતા લોકો સામે દંડાત્મક પગલાં લેવામાં આવે.

કાલીન્દ્રી નદીની દયનીય હાલતને લઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વહેલી તકે નદી સ્વચ્છ બને તેવી જનમાગ ઉઠી રહી છે.

# મહેન્દ્રનગર નજીક આવેલી રામકો વિલેજ સોસાયટીના રહીશો રોડ-રસ્તા અને ગટરની અસુવિધાથી ત્રાહિમામ






મોરબી : મહેન્દ્રનગર નજીક આવેલી રામકો વિલેજ સોસાયટીમાં રોડ-રસ્તા અને ગટરની પ્રાથમિક સુવિધાના અભાવે રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી છે, છતાં વર્ષોથી સોસાયટીના રસ્તા અને ગટરની સમસ્યા યથાવત રહી છે.સ્થાનિકોના કહેવા મુજબ ચોમાસાની સિઝનમાં રસ્તાની હાલત વધુ બગડી જાય છે, જેના કારણે અહીંથી પસાર થવું પણ મુશ્કેલ બની જાય છે. ખાડા, કાદવ અને ગંદકીના કારણે વાહનચાલકો તેમજ પદયાત્રીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.એક તરફ મહેન્દ્રનગર વિસ્તારમાં વિકાસકાર્યો થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ અમુક સોસાયટીઓની હાલત અતિ દયનીય હોવાનું લોકો જણાવી રહ્યા છે. રામકો વિલેજના રહીશોનું કહેવું છે કે તંત્ર દ્વારા પ્રાથમિક સુવિધાઓ આપવા બાબતે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે.સ્થાનિકોમાં પ્રશ્નો પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો એટલા કંટાળી ગયા છે કે સોસાયટીના મુખ્ય ગેટ પાસે બેનરો લગાવી ચૂંટણી પ્રચાર માટે પ્રવેશ ન આપવા ચેતવણી આપવામાં આવી છે. બેનરોમાં સ્પષ્ટ લખાયું છે કે, "જેઓને અમારા કિંમતી મતની કિંમત નથી, તેવા નેતાઓએ ગામમાં પ્રવેશવું નહીં."રામકો વિલેજના રહીશોએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે હવે ગંભીરતાથી લોકોના પ્રશ્નો ઉકેલી રોડ-રસ્તા અને ગટરની તાત્કાલિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, **Volume-1, Issue133, Year-9** Price Rs. 3.00, M. 097231 62036

### નગરસેવકો ઈમાનદાર, જવાબદાર હોવા જોઈએ - માત્ર વચનો નહીં, વિશ્વાસ આપે તે જરૂરી

# મહેન્દ્રનગરના યુવા મતદારોનો ક્લિયર મેસેજ: વિકાસ, સ્વચ્છતા અને શિક્ષણ - ત્રણેયમાં સમતોલ પ્રગતિ જોઈએ

## મોરબી મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા મોરબીના યુવા વિધાર્થીઓના ચૂંટણી વિષે મંતવ્ય: વિકાસ સાથે વિશ્વાસ પણ જરૂરી

મોરબી મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનું મતદાન 26એપ્રિલના છે. ત્યારે શહેરના યુવાઓએ ચૂંટણી વિષે સ્પષ્ટ અને સચોટ મંતવ્ય વ્યક્ત કર્યું છે. તેઓએ કેવો નગરસેવક જોઈએ અને જો પોતે નગરસેવક બને તો શું કામ કરે તેના પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વિધાર્થીઓએ ભણેલા, ઈમાનદાર અને જવાબદાર નગરસેવકોની માંગ કરી છે. સાથે વિકાસમાં પારદર્શિતા, સ્વચ્છતા, શિક્ષણ અને રોજગારને પ્રાથમિકતા આપવા પર ભાર મૂક્યો છે, તેમજ લોકોની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

મોરબી શહેરના વિવિધ કોલેજોના વિધાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કરતા જણાવ્યું હતું કે મોરબી જેવા અને ખાસ કરીને મહેન્દ્રનગર જેવા વિકસતા શહેરને હવે એવા પ્રતિનિધિઓની જરૂર છે જે લોકો વચ્ચે રહે, કામ કરે અને વિશ્વાસ જીતે.

નગરસેવકે કામથી દિલ જીતવા જોઈએ

વિધાર્થિની વૈશાલીએ જણાવ્યું હતું કે, મને એવો નગરસેવક જોઈએ જે માત્ર વચનો ન આપે પરંતુ કામથી વિશ્વાસ જીતે. તે ઈમાનદાર, પારદર્શક અને જવાબદાર હોય, લોકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપે અને સમયસર ઉકેલ લાવે. વિકાસ માટે લાંબા ગાળાનો વિચાર કરવો જોઈએ અને મૂળભૂત સુવિધાઓને મજબૂત બનાવવી જોઈએ. જો હું નગરસેવક હોઉં તો કોઈ પણ નાગરિકને અન્યાય ન થાય અને ભ્રષ્ટાચાર અટકાવી શકાય તે માટે પ્રયત્ન કરું.

નગરસેવક ઈમાનદાર અને જવાબદાર હોવો જોઈએ

વિધાર્થી સંદીપએ જણાવ્યું હતું કે, નગરસેવક ઈમાનદાર અને જવાબદાર હોવો જોઈએ. લોકોની સમસ્યા સમજી ઝડપથી ઉકેલ લાવી




શકે તે જરૂરી છે. નગરસેવક ટેક્નોલોજીથી માહિતગાર હોવો જોઈએ જેથી લોકો પોતાના પ્રશ્નો સીધા રજૂ કરી શકે. સ્વચ્છતા, પાણી, રસ્તા જેવી સુવિધાઓ સુધારવી જોઈએ. જો હું નગરસેવક હોઉં તો રોડ-રસ્તા સુધારણા, સ્વચ્છતા અને શિક્ષણ પર ખાસ ભાર મૂકીશ તેમજ રોજગારી વધારવા પ્રયાસ કરીશ.

નગરસેવક લોકોની સાથે રહી સમસ્યાનો ઝડપથી નિકાલ કરાવે

વિધાર્થિની રિંકલ પટેલે જણાવ્યું હતું કે, મને એવો નગરસેવક જોઈએ જે ઈમાનદાર, જવાબદાર અને લોકોની સમસ્યાઓને સાચી રીતે સમજે. તે સૌને સમાન રીતે વર્તે અને સ્વચ્છતા, પાણી, રસ્તા તથા સુરક્ષા જેવી મૂળભૂત સુવિધાઓ પર ધ્યાન આપે. લોકો સાથે સીધો સંપર્ક રાખી ફરિયાદોનો ઝડપથી ઉકેલ લાવે. જો હું નગરસેવક હોઉં તો સફાઈ, પાણી અને ટ્રાફિક જેવી સમસ્યાઓ દૂર કરવા પ્રયત્ન કરીશ તેમજ બાળકો અને યુવાનો માટે પાર્ક અને લાઇબ્રેરી જેવી સુવિધાઓ ઉભી કરીશ.

નગરસેવકના કાર્યોમાં પારદર્શિતા હોવી જરૂરી

વિધાર્થી અભયસિંહએ જણાવ્યું હતું કે, નગરસેવકને પોતાના વિસ્તારની સમસ્યાનો ખ્યાલ હોવો જોઈએ અને તેમના કાર્યોમાં પારદર્શિતા હોવી જરૂરી છે. પાણી, ગટર અને સ્વચ્છતા જેવી પ્રાથમિક સુવિધાઓને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ. ટેક્નોલોજીનો ઉપયોગ કરી લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. જો હું નગરસેવક હોઉં તો દરેક ઘરમાં શુદ્ધ પાણી પહોંચે, સરકારી શાળાઓ આધુનિક બને અને લોકો સાથે વ્હોટ્સએપ તથા એપ્લિકેશન દ્વારા સતત સંપર્કમાં રહું.

યુવા મતદારોનો સ્પષ્ટ સંદેશ

મોરબીના યુવા મતદારોનું કહેવું છે કે શહેરના વિકાસ માટે માત્ર રસ્તા અને ઈમારતો પૂરતા નથી, પરંતુ સ્વચ્છતા, શિક્ષણ, રોજગારી, પારદર્શિતા અને વિશ્વાસ પણ એટલા જ જરૂરી છે. આવનારી મહાનગરપાલિકાની ચૂંટણીમાં યુવાનો વિકાસશીલ અને જવાબદાર નેતૃત્વને પ્રાથમિકતા આપશે. મોરબી શહેરના યુવાઓમાં પણ હવે ચૂંટણીને લઈને સતત અપડેટ રહેતા જોવા મળી રહ્યા છે જે એક જાગૃત નાગરિક તરીકે સારી બાબત છે.

# યુદ્ધની અસરથી એલપીજી અછત: હાલના ગ્રાહકોને પુરવઠાને પ્રાથમિકતા, નવા કનેક્શન બંધ

### કોઈ સત્તાવાર નિર્દેશ નહીં પરંતુ પોર્ટલ પર નવા કનેક્શન માટેની અરજી સ્વીકારવામાંજ આવતી નથી

ઈઝરાયેલ-યુએસ અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે દેશમાં એલપીજીની તીવ્ર અછત ઊભી થતાં સરકારે પીએનજી કનેક્શન આપવાને પ્રાધાન્ય આપ્યું છે, પરંતુ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દેશભરમાં નવા એલપીજી કનેક્શન આપવાનું છેલ્લા એક મહિનાથી બંધ કરી દીધું છે, એવી માહિતી આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા એલપીજી ડિસ્ટ્રીબ્યુટર સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ છે. ભારત એલપીજીની આયાત કરતાં સમગ્ર વિશ્વના દેશોમાં બીજા ક્રમે આવે છે અને તે એલપીજીની કુલ ૩૩ મિલિયન ટનની જરૂરિયાતમાંથી ૬૫ ટકા જરૂરિયાત આયાતથી સંતોષે છે. આ કુલ આયાતમાંથી ૯૦ ટકા આયાત યુદ્ધગ્રસ્ત બનેલા પશ્ચિમ એશિયામાંથી કરવામાં આવે છે. જોકે યુદ્ધના કારણે હોર્મુઝના માર્ગે પશ્ચિમ એશિયામાંથી થતી આયાત અંગે અનિશ્ચિતતા ઊભી થતા દેશભરમાં એલપીજીની તીવ્ર અછત ઊભી થઈ છે ત્યારે કંપનીઓને નવા એલપીજી



**કનેક્શન આપવાનું બંધ કરી દીધું છે.**

બુધવારે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં એલપીજી કનેક્શન આપવાનું બંધ કરવામાં આવ્યું છે કે કેમ અને જો બંધ કરવામાં આવ્યું હોય તો તે ફરી ક્યારે શરૂ કરવામાં આવશે એવા એક પ્રશ્નના જવાબમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે હાલમાં નવા એલપીજી કનેક્શન આપવામાં આવતા નથી.

હાલમાં જે ગ્રાહકો છે એને ગેસનું પુરવઠો પૂરો પાડવાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાથી નવા કનેક્શન આપવાનું બંધ કરવામાં આવ્યું છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ઓએમસી દ્વારા આ અંગે ડિસ્ટ્રીબ્યુટરને કોઈ નિર્દેશ આપવામાં આવ્યો નથી પરંતુ નવા એલપીજી કનેક્શન માટેની અરજી ઓનલાઇન સ્વીકારવામાં જ આવતી નથી. પેટ્રોલિયમ મિનિસ્ટ્રીના ઈ-સેવા ગિવસિસ રિડ્રેસલ પ્લેટફોર્મના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એવી પોસ્ટ મુકવામાં આવી છે કે નવા એલપીજી કનેક્શનની અરજી સ્વીકારાતી નથી એ એક હંગામી સમસ્યા છે અને એલપીજીના પુરવઠામાં સ્થિરતા આવશે તે પછી નવા કનેક્શન આપવાનું ચાલુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં કુલ ૩૪ કરોડ એલપીજી કનેક્શન ધરાવતા પરિવારો છે અને યુદ્ધના કારણે અછત ઊભી થઈ તે પછી બુકિંગ માટેનો સમયગાળો શહેરી વિસ્તારમાં વધારીને ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારમાં ૪૫ દિવસ કરવામાં આવ્યો છે.

# ધો. 10 બોર્ડની બીજી પરીક્ષાની તારીખો જાહેર




કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ ધોરણ 10ની 'સેકન્ડ બોર્ડ એક્ઝામિનેશન-2026'ની તારીખો જાહેર કરી છે. બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ધોરણ 10ની બીજી બોર્ડ પરીક્ષાઓ 15 મે, 2026થી શરૂ થશે અને 21 મે, 2026 સુધી ચાલશે. આ પરીક્ષા એ વિધાર્થીઓ માટે ખૂબ જ મહત્વની છે, જે પોતાના પ્રથમ પરીક્ષાના માર્ક્સથી સંતુષ્ટ નથી અને પોતાનો સ્કોર સુધારવા માંગે છે.


મુખ્ય વિષયોની પરીક્ષાનો શેડ્યૂલ: પરીક્ષાનો સમય મુખ્યત્વે સવારે 10:30 વાગ્યાથી બપોરે 01:30 વાગ્યા સુધી રહેશે. મુખ્ય વિષયોની તારીખો નીચે મુજબ છે.

15 May (શુક્રવાર): સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત, 16 May ( શનિવાર): અંગ્રેજી, 18 May ( સોમવાર): વિજ્ઞાન, 19 May ( મંગળવાર): હિન્દી અને ગુજરાતી સહિત અન્ય પ્રાદેશિક ભાષાઓ, 20 May ( બુધવાર): સંસ્કૃત/AI/ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, 21 May (ગુરુવાર): સામાજિક વિજ્ઞાન (પરીક્ષાનો છેલ્લો દિવસ)

CBSE બોર્ડના પરીક્ષા કંટ્રોલર ડૉ. સંયમ ભારદ્વાજે આ તારીખો જાહેર કરતાં જણાવ્યું છે કે, પેઇન્ટિંગ અને મ્યુઝિક જેવા કેટલાક વિષયોની પરીક્ષા માત્ર 2 કલાક (10:30 AMથી 12:30 PM) ચાલશે. આ ઉપરાંત વિધાર્થીઓ સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર જઈને વિગતવાર PDF ડાઉનલોડ કરી શકે છે. શિક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે વર્ષમાં બે વખત પરીક્ષા લેવાથી વિધાર્થીઓ પરનો માનસિક દબાણ ઘટશે અને તેમને પોતાનો સ્કોર સુધારવાનો વધુ સારો મોકો મળશે.

# યુદ્ધની અસર ગુજરાતના ખેતરો સુધી પહોંચી: DAP ખાતરની ભારે અછત

ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે ખાતરના ઉત્પાદન પર અસર પહોંચી છે. એટલું જ નહીં, મીડિલ ઈસ્ટના દેશોમાંથી આવતા ખાતરના જથ્થામાં ઘટાડો થયો છે પરિણામે ગુજરાતમાં ડીએપી ખાતરની અછતની સ્થિતિ સર્જાઈ છે. વર્ષ ૨૦૨૬માં ખરીફ સિઝન માટે ૩૯ મિલિયન ટન ખાતરની જરૂરિયાત સામે માત્ર ૧૮ મિલિયન ટન જ સ્ટોક છે તે જોતાં આગામી દિવસોમાં ખાતરને લઈને ખેડૂતોની સમસ્યા વધુ વિકટ બને તેમ લાગી રહ્યું છે.




ડાય એમોનિયમ ફોસ્ફેટ અને નાઈટ્રોજન ફોસ્ફરસ, પોટેશિયમ પાયાનું ખાતર છે, જ્યારે યુરિયા પૂરક ખાતર છે. એક તરફ ખાતરના ઉત્પાદનમાં ઘટાડો થયો છે, સરકારે સબસિડીમાં ઘટાડો કર્યો છે તો બીજી તરફ ખેડૂતો માટે સિઝન સમયે ખાતર મેળવવા કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવા મજબૂર થવું પડ્યું છે. આત્મનિર્ભર ભારતના નારા ગુંજી રહ્યા છે. ત્યારે હજુ પણ ભારતે ખાતર માટે આયાત પર આધાર રાખવો પડી રહ્યો છે.કુલ એનપીકે ખાતરની માંગના માત્ર ૬૫-૭૦ ટકા જ ઘરેલુ ઉત્પાદન દ્વારા પૂર્ણ થાય છે, જ્યારે બાકીના 30-૩૫ ટકા વૈશ્વિક બજારો પર આધાર રાખવો પડે છે. કુલ ખાતરનો વપરાશ ૩૨.૬ મિલિયન ટન થયો છે. નાઈટ્રોજનસ ખાતર પણ હજુ પણ આયાત પર આધારિત છે. ફોસ્ફેટિક ખાતરમાં 30-૪૦ ટકા જ્યારે પોટાશમાં ૧૦૦ ટકા આયાત પર આધાર રાખવો પડે તેમ છે. ૨૦૨૬ની ખરીફ સીઝન માટે ૩૯ મિલિયન ટન માંગ છે, જ્યારે વર્તમાન સ્ટોક માત્ર ૧૮ મિલિયન ટન જ છે. આ જોતાં હજુ ખાતર માટે ખેડૂતોને મુશ્કેલી વેઠવી પડશે.મહત્ત્વની વાત એ છે કે, છેલ્લા દસેક મહિનામાં DAPમાં ૧૫૦ રૂપિયા, એન.પી.કે.માં ૮૫૦ રૂપિયા, એમોનિયમ સલ્ફેટ 300 રૂપિયા અને પોટાશમાં ૫૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. કેન્દ્ર સરકારે ખાતરની સબસિડી મેટ્રિક ટન દીઠ ફિક્સ કરી દેતા ખેડૂતોને આર્થિક માર ભોગવવો પડે છે. છેલ્લા બે વર્ષમાં ખરીફ અને રવિ એમ બંને સિઝનમાં ડીએપી અને યુરિયા ખેડૂતોને મળતું નથી પરિણામે ખેતીને નુકસાન થઈ રહ્યું છે

# સીંગતેલમાં છેલ્લા દસ દિવસમાં રૂ.૧૨૦નું ગાબડુ,હજુ પણ ભાવ ઘટશે

### બજારમાં ઉનાળુ મગફળીની આવક શરૂ થતા જ ઘટાડોનો દોર શરૂ થયો

સ્થાનિક બજારમાં ઉનાળુ મગફળીની આવક શરૂ થઈ જતા તેની અસર સીંગતેલના ભાવ પર પડી છે અને છેલ્લા ૧૦ દિવસમાં રૂ.૧૨૦ જેટલો ભાવમાં ઘટો જોવા મળ્યો છે ત્યારે હજું પણ ભાવમાં ઘટાડો થવાની શકયતા વેપારીવર્ગ દ્વારા દર્શાવાઈ રહી છે.ભાવમાં ઘટાડો હોવાછતાં કોઈ જ ખરીદી ફર્ક પડયો નથી



થોડાસમય પહેલા સીંગતેલના ભાવમાં વધારો જોવા મળ્યો હતો અને દરરોજ નવા-નવા ભાવો બહાર આવી રહ્યા હતા.જાણે કે સટ્ટાખોરો સક્રિય થયા હોય તેમ બજારમાં લાગી રહ્યું હતું. પણ બજારમાં અને મીલરો પાસે ઉનાળુ મગફળીનો નવો પાક આવવા માંડતા ભાવો પણ દબાવા લાગ્યા છે.એકસમયે સીંગતેલના ભાવ રૂ.૨૭૮૦/૨૮૩૦ હતા તે હવે ઘટીને રૂ.૨૭૬૦/૨૮૧૦ થઈ ગયા છે.એકતરફ બારમાસી અથાણાની સિઝન હોવાછતાં સીંગતેલની ખરીદી સુસ્ત રહી છે અને સ્થાનિક બજારમાં ઘરાકીનો સંપુર્ણ અભાવ જોવા મળી રહ્યો છે.ઉનાળે મગફળીનો જથ્થો મીલરો પાસે આવવા માંડતા હજું પણ સીંગતેલના ભાવોમાં ગાબડુ પડે તેમ છે.આમપણ બારમાસી સીંગતેલની ખરીદી ચાલુ વર્ષે જોઈએ તેટલા પ્રમાણમાં જોવા મળી નથી અને હવે અથાણાની સિઝનમાં પણ ઘરાકી નબળી રહેતા ભવિષ્યમાં સીંગતેલના ભાવો વધવાની શક્યતાને નજર સમક્ષ રાખીને કેટલાક લોકોએ સીંગતેલનો સ્ટોક ભાવ તફાવતનો લાભ લેવા કર્યો હતો તે લોકોના ચહેરા પડી ગયા છે. સામે કપાસિયા તેલના ભાવ પણ સ્થિર જોવા મળી રહ્યા છે.આયાતી ખાધતેલના ભાવોમાં નાની-મોટી ચડ-ઉત્તર જોવા મળી રહી છે. હાલમાં હીટવેવ જેવી ગરમી પડી રહી છે તે પણ સીંગતેલની ખરીદી પર અસર કરી રહી છે.

# મોરબીમાં પોલીસનું ફૂટ પેટ્રોલીંગ



મોરબીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું મુખ્ય માર્ગો ઉપરથી 20 જેટલા અધિકારીઓને 100 જેટલા પોલીસ કર્મચારીઓનો કાફલો પસાર થયો હતો. તા 26 ના રોજની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે મહાનગરપાલિકા વિસ્તારમાં 52 બેઠકો માટે જુદા જુદા બૂથ ઉપર મતદારો મતદાન કરવાના છે. અને શાંતિપૂર્ણ માહોલની અંદર મતદાન થાય તે માટે ડીવાયએસપી જે.એમ. આલની આગેવાની હેઠળ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેલ ચોક, કાલિકા પ્લોટ, રવાપર રોડ, સનાળા રોડ, નવા બસ સ્ટેશન, જુના બસ સ્ટેશન, સરદાર રોડ, નગર દરવાજા, ગ્રીન ચોક, સહિતના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા દિવ્યાંગ બાળકીની માનવતાભરી સહાય

મોરબીની સેવાભાવી સામાજિક સંસ્થા મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા જરૂરિયાતમંદ પરિવારની દિવ્યાંગ બાળકીની માનવતાભરી મદદ કરવામાં આવી હતી. બાળકી લાંબા સમયથી દૃષ્ટિ સંબંધિત ગંભીર સમસ્યાથી પીડાઈ રહી હતી. દિવસ દરમિયાન તેને ઝાંખું દેખાતું હતું, જ્યારે રાત્રિના સમયે તેની દૃષ્ટિ સંપૂર્ણપણે જતી રહેતી હતી.પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી યોગ્ય સારવાર કરાવવી મુશ્કેલ બની રહી હતી. ત્યારે મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા બાળકી માટે જરૂરી તબીબી સહાય પૂરી પાડીને સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી.સંસ્થાના આ સેવાકીય કાર્યને સમાજમાં વ્યાપક પ્રશંસા મળી રહી છે. જરૂરિયાતમંદ લોકો માટે આવી સેવાભાવી પ્રવૃત્તિઓ અન્ય સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

# ભારત સહિત અનેક દેશોમાં ઈન્ટરનેટ કનેક્શન પર તોળાઈ રહેલો ખતરો

### ઈરાન દરિયામાં બિછાવેલા કેબલ્સ પર હુમલો કરે તેવી સંભાવના

ઈરાનમાં હોમુંઝની ખાડી ખુલ્લી મુકવા માટે ધાક ધમકીઓનો દૌર ચાલી રહ્યો છે ત્યારે ઈરાન હવે વિશ્વનાં ઈન્ટરનેટ કનેક્શનને ટાર્ગેટ બનાવે તેવી શક્યતા છે. IRGC હવે ગલ્ફની ખાડીમાં દરિયાની નીચે બિછાવવામાં આવેલા ઈન્ટરનેટ કેબલ્સને તોડવામાં આવે તેવી શક્યતા છે. જો ઈન્ટરનેટ કેબલ્સ કનેક્શન તોડવામાં આવશે તો તેની આખી દુનિયા તેમજ ભારત પર માઠી અસર પડી શકે છે. ઈરાનની IRGC સાથે સંલગ્ન એજન્સી તસ્નીમ દ્વારા ઈન્ટરનેટ કેબલ્સ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રકચરનો નકશો જારી કરવામાં આવ્યો છે. હવે ઈરાન દ્વારા ફારસની ખાડીમાં ડિજિટલ એટેક કરવામાં આવી શકે છે. હોર્મુઝની ખાડી ઈરાનની



જીવાદોરી છે તેમ કહીએ તો ચાલે તે ઈરાન માટે મહત્વની એનર્જી સમાન છે. દરિયાની નીચે બિછાવવામાં આવેલી કેબલ્સ મહત્વનો કોરીડોર છે. આ કેબલ્સ ગલ્ફનાં દેશોને ઈન્ટરનેટ અને દૂરસંચાર સેવાઓથી જોડે છે. જેમાં UAE, કતાર, બહેરિન, કુવૈત અને સાઉદી અરેબિયા સામેલ છે.

એશિયાનાં દેશો માટે ચેતવણી: આ જળમાર્ગમાંથી અનેક કેબલ સિસ્ટમ પસાર થાય છે. યુધ્ધનાં સમયમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર અગાઉથી

ટાર્ગેટ પર છે. ફારસની ખાડીનાં દેશો આ દરિયાઈ માર્ગો પર વધારે નિર્ભર છે. આ દરિયાઈ નેટવર્ક ઓમાન, સંયુક્ત આરબ અમીરાત તેમજ પાકિસ્તાન જેવા દેશોનાં લેન્ડિંગ સ્ટેશનોથી પસાર થાય છે. ભારત વિશ્વમાં એક મોટો ડેટા વપરાશકાર દેશ છે તેથી તેની ડિજિટલ ઈકોનોમીને અસર થઈ શકે છે. કેબલ્સને નુકસાન થાય તો લાખો ઈન્ટરનેટ યુઝર્સને ધીમી સ્પીડને કારણે અસર થઈ શકે છે. ક્લાઉન્ડ સર્વિસ અને ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને અસર થઈ શકે છે. ફ્રાન્સની સરકારી કંપની અલ્કાટેલ સબમરિન નેટવર્ક દ્વારા ફોર્સ મેજર નોટિસ જારી કરાઈ છે. જેનો મતલબ એવો છે કે કેબલ્સ નેટવર્કમાં ગમે ત્યારે સમસ્યા સર્જાઈ શકે છે.

# ચૂંટણી બાદ પેટ્રોલના ભાવ વધારાની અફવા ખોટી : કેન્દ્ર સરકાર

### પેટ્રોલ પર રૂ.20 અને ડીઝલ પર રૂ.100નું નુકસાન છતાં ભાવ વધારાની કોઈ યોજના નહીં

દેશભરમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણી પૂર્ણ થયા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો કરવામાં આવશે એવી ચર્ચાઓ વચ્ચે કેન્દ્ર સરકારે ગુરુવારે સ્પષ્ટતા કરી છે કે આવી કોઈ યોજના હાલ વિચારાધીન નથી. સરકારની માલિકીની ઓઈલ કંપનીઓ નુકસાન સહન કરી રહી હોવા છતાં સામાન્ય જનતાને રાહત જાળવી રાખવામાં આવી રહી છે.સરકારના જણાવ્યા મુજબ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં પેટ્રોલ પર લિટરદીઠ આશરે રૂ.20 અને ડીઝલ પર લિટરદીઠ રૂ.100નું નુકસાન ભોગવી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી યુદ્ધસદૃશ પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવોમાં નોંધપાત્ર વધારો થયો છે, છતાં છેલ્લા ચાર વર્ષથી દેશમાં ઇંધણના ભાવોમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.



પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, ચૂંટણી પૂર્ણ થયા બાદ પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રૂ.25થી રૂ.28નો વધારો થશે તેવી અફવા નિરાધાર છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે સરકાર દ્વારા હાલમાં કોઈપણ પ્રકારનો ભાવવધારો કરવાની યોજના નથી.પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે ઉતાર-ચઢાવ વચ્ચે પણ સરકારે ભાવ સ્થિર રાખવા માટે સતત પ્રયત્નો કર્યા છે. યુદ્ધ પહેલાં ક્રૂડ ઓઈલનો ભાવ બેરલદીઠ આશરે 70 ડોલર હતો, જે વધીને 113 ડોલર સુધી પહોંચી ગયો હતો, છતાં દેશમાં ભાવોમાં વધારો કરવામાં આવ્યો નથી.

શર્માએ વધુમાં ઉમેર્યું હતું કે એપ્રિલ 2022થી આજદિન સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં સ્થિરતા જાળવવામાં આવી છે. અગાઉ જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ નીચા હતા ત્યારે ઓઈલ કંપનીઓએ નફો કમાવ્યો હતો અને હાલમાં વધેલા ખર્ચને તે નફાથી સંતુલિત કરવામાં આવી રહ્યો છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ જરૂરી ઇંધણના ભાવોમાં સ્થિરતા જાળવી રાખવાનો છે.

મહેન્દ્રનગરના વોટ્સએપ ગ્રુપમાં જોડાવો
મહેન્દ્રનગરની પળે પળની ન્યુઝ અપડેટ મેળવો, ગ્રુપ જોઈન કરવા માટે QR CODE સ્કેન કરો અથવા 9723162036 પર "JOIN GROUP' મેસેજ કરો
મોબાઈલ પર આ એડ જોઈ રહ્યા હો તો આ એડ પર ક્લીક કરીને ગ્રુપ જોઈન કરી શકશો
મોબાઈલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9664869847 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરી ગૃપ જોઈન રિકવેસ્ટ મેસેજ મોકલો.

# મહેન્દ્રનગર ચોકડીના વર્ષોથી અટવાયેલા ઓવરબ્રિજનું કામ શરુ

## 4 ગાળાની જગ્યાએ હવે 16 ખુલ્લા ગાળાવાળો ફ્લાયઓવર બનશે, સરકાર દ્વારા જોબ નંબર ફાળવાયા

જુવો અહેવાલ પાનું (2)































